સોલાર પેનલ અને પ્રોજેક્ટની મંજૂરી માટે લાંચ લેતા હોવાની ફરિયાદ હતી

મુખ્ય વિદ્યુત નિરીક્ષકના ઘરેથી ACBને રોકડા 1.76 કરોડ મળ્યા

ACBએ તપાસ કરી તો કારમાંથી રોકડા 5.51 લાખ અને ગિફ્ટ વાઉચર મળ્યાં

સુરત અને ગાંધીનગરના ઘરે કરેલા સર્ચમાં કરોડો રૂપિયા ઉપરાંત 88 લાખના દાગીના મળ્યા

નિવૃત્તિના આઠ મહિના પહેલા જ અધિકારી ભેરવાયા

ગાંધીનગરઃ રાજ્યમાં ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી) એ વધુ એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર સ્થિત ઉદ્યોગ ભવનમાં ફરજ બજાવતા મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વર્ગ-1 અધિકારી અશ્વિન બી. ચૌધરીને સોલાર પ્રોજેક્ટ મંજૂરી અને સેફ્ટી સર્ટિફિકેટ આપવા બદલ લાંચ લેવાના આરોપસર ઝડપી પાડવામાં આવ્યા છે. એસીબીની તપાસ દરમિયાન તેમની પાસેથી રોકડ, દાગીના અને કિંમતી મિલકત સહિત રૂ. 2.64 કરોડથી વધુનો મુદામાલ મળી આવતા સરકારી તંત્રમાં ચકચાર મચી ગઈ છે.

એસીબીના સૂત્રોએ જણાવ્યા મુજબ, અશ્વિન ચૌધરી સોલાર પેનલ અને સોલાર પ્રોજેક્ટ માટે જરૂરી એનઓસી તેમજ સેફ્ટી સર્ટિફિકેટ મંજૂર કરવા બદલ અરજદારો અને કંપનીઓ પાસેથી લાંચની માંગણી કરતા હતા. પ્રાથમિક તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે તેઓ ઘણી વખત સ્થળ તપાસ કર્યા વગર જ ફાઈલો મંજૂર કરી દેતા હતા અને તેના બદલામાં રોકડ રકમ સ્વીકારતા હતા.

એસીબીને મળેલી ચોક્કસ બાતમીના આધારે અધિકારીઓએ વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન તેમની સરકારી કારમાંથી રૂ. 5.51 લાખથી વધુની રોકડ રકમ અને ગિફ્ટ વાઉચરો મળી આવ્યા હતા. ત્યારબાદ ગાંધીનગર અને સુરત સ્થિત તેમના રહેણાંક મકાનોમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. દરોડા દરમિયાન બંને મકાનો અને સરકારી વાહનમાંથી કુલ રૂ. 1.76 કરોડથી વધુની રોકડ રકમ મળી આવી હતી. ઉપરાંત સોના-ચાંદીના દાગીના, સોનાની લગડીઓ અને સિક્કાઓ સહિત અંદાજે રૂ. 88.82 લાખની કિંમતનો મુદામાલ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. આમ કુલ મળીને રૂ. 2.64 કરોડથી વધુની રોકડ અને કિંમતી સંપત્તિ મળી આવી છે.

એસીબીના નાયબ નિયામક ભારતી પંડ્યાએ જણાવ્યું હતું કે અશ્વિન ચૌધરી છેલ્લાં ચાર વર્ષથી મુખ્ય વિદ્યુત નિરીક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા હતા. તપાસ દરમિયાન એવી વિગતો પણ સામે આવી છે કે તેમણે માત્ર એક અઠવાડિયામાં 100થી વધુ ફાઈલો ક્લિયર કરી હતી. હવે આ તમામ ફાઈલોની વિગતવાર તપાસ કરવામાં આવશે. સાથે જ તેમની સાથે કોઈ એજન્ટ અથવા મધ્યસ્થીઓ સંકળાયેલા હતા કે કેમ તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે લાંચની કોઈ નિશ્ચિત રકમ નક્કી નહોતી, પરંતુ અરજદારો અને કંપનીઓ સાથે થયેલી ડીલ મુજબ રકમ વસૂલવામાં આવતી હતી. પૂછપરછ દરમિયાન ચૌધરી તેમની પાસે મળી આવેલી કરોડોની સંપત્તિ અંગે સંતોષકારક ખુલાસો આપી શક્યા નહોતા. આ સમગ્ર મામલે અશ્વિન બી. ચૌધરી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-2018 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. એસીબી હવે તેમની આવકના સ્ત્રોતો, સંપત્તિની વિગતો તેમજ તેમણે મંજૂર કરેલી ફાઈલોની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે નિવૃત્તિને માત્ર આઠ મહિના બાકી હોવા છતાં મુખ્ય વિદ્યુત નિરીક્ષક જેવા મહત્વપૂર્ણ હોદ્દા પર રહેલા અધિકારી સામે થયેલી આ કાર્યવાહી રાજ્યના સરકારી તંત્રમાં ચર્ચાનો વિષય બની છે.

IPL ફાઈનલમાં હાર બાદ ગુજરાત ટાઈટન્સની ટીમની બસમાં શોર્ટ સર્કિટ

ખેલાડીઓને વૈકલ્પિક બસ મારફતે હોટેલ પહોંચાડાયા

અમદાવાદઃ IPL 2026ની ફાઈનલ મેચ બાદ ગુજરાત ટાઈટન્સ (GT)ની ટીમ સાથે એક ગંભીર અકસ્માત ઘટતા-ઘટતા ટળી ગયો હતો. ફાઈનલમાં પરાજય બાદ રવિવારે મોડી રાત્રે ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને સ્ટેડિયમથી હોટેલ લઈ જતી ટીમ બસમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં ધૂમાડો ફેલાઈ ગયો હતો.

ગઈકાલે રવિવારે રાત્રે IPL 2026ની ફાઈનલ મેચ બાદ ગુજરાત ટાઈટન્સ (GT)ની ટીમ હોટલ પરત ફરી રહી હતી ત્યારે વાયરિંગમાં સર્જાયેલી ખામીને કારણે એન્જિન અને કેબિનના ભાગમાંથી ધૂમાડો નીકળવા લાગ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા સમજી ડ્રાઈવરે તાત્કાલિક બસને રોડ કિનારે ઊભી રાખી હતી. ત્યારબાદ સુરક્ષા કર્મચારીઓ અને ટીમ મેનેજમેન્ટે ઝડપી કાર્યવાહી કરીને તમામ ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને મેડિકલ ટીમના સભ્યોને સુરક્ષિત રીતે બસમાંથી બહાર કાઢ્યા હતા.

સદનસીબે ઘટનામાં કોઈ પણ ખેલાડી કે સ્ટાફ સભ્યને ઈજા પહોંચી નહોતી. થોડા સમય સુધી ટીમના ખેલાડીઓને રસ્તા કિનારે રાહ જોવી પડી હતી, ત્યારબાદ મેનેજમેન્ટ દ્વારા વૈકલ્પિક બસની વ્યવસ્થા કરવામાં આવી હતી અને તમામ સભ્યોને સુરક્ષિત રીતે હોટેલ પહોંચાડવામાં આવ્યા હતા. ગુજરાત ટાઈટન્સ માટે રવિવારનો દિવસ નિરાશાજનક રહ્યો હતો. એક તરફ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) સામે ફાઈનલમાં 5 વિકેટે પરાજય થતાં બીજી વખત IPL ટ્રોફી જીતવાનું સપનું અધૂરું રહ્યું હતું, ત્યારે મેચ બાદ બનેલી આ ઘટનાએ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફની ચિંતા વધારી હતી.

ગુજરાતમાં 6 જૂન સુધી વરસાદી માહોલ

રાજ્યમાં 50થી 60 કિમીની ઝડપે પવન ફુંકાવાની શક્યતા

સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ સહિત અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના

અમદાવાદઃ રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહેલી આકરી ગરમી વચ્ચે હવામાન વિભાગે રાહતના સંકેત આપ્યા છે. 2 જૂનથી 6 જૂન દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સાથે જ કેટલાક જિલ્લાઓમાં 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ સુધી રાજ્યના મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય. ત્યારબાદ તાપમાનમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. હજુ આગામી બે દિવસ સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં તાપમાન 40 ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સોમવારે રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. અમદાવાદમાં 42 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજકોટ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ભાવનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન પહોંચ્યું હતું. વડોદરા અને અમરેલીમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ શહેર માટે આવતીકાલે 2 જૂને સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે એકથી બે વખત હળવાથી મધ્યમ વરસાદ, ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. શહેરનું મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા. જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું.

હવામાન વિભાગે 2 જૂન માટે ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત દક્ષિણ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની આગાહી કરી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી સહિતના જિલ્લાઓમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, મોરબી અને કચ્છ સહિતના વિસ્તારોમાં પણ છૂટાછવાયા વરસાદની આગાહી છે. 2 જૂનના રોજ સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

3 અને 4 જૂને પણ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા યથાવત રહેશે. 5 અને 6 જૂને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદી પ્રવૃત્તિ ચાલુ રહેવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે.

ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષા માટે હોલ ટિકિટ શાળાઓ દ્વારા ડાઉનલોડ કરી શકાશે

ટોલ ફ્રી નંબર 1800 233 5500 ઉપર સમસ્યા રજૂ કરવાથી માર્ગદર્શન પ્રાપ્ત થશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 11 જૂનથી શરૂ થનારી ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષાઓ માટે પ્રવેશપત્ર હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ પરથી શાળાઓ દ્વારા ડાઉનલોડ કરી શકાશે.

પરીક્ષાઓના પ્રવેશ પત્ર, હોલ ટિકિટ આજથી બોર્ડની વેબસાઈટ પરથી શાળાઓ દ્વારા ડાઉનલોડ કરી શકાશે. હોલ ટિકિટની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના પૂરક પરીક્ષાના આવેદનપત્રો સાથે વિષય અને માધ્યમની ખરાઈ કરી નિયત જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો લગાવી પરિક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમ જ નિયત જગ્યાએ આચાર્યના સહિ સિક્કા કરી પરીક્ષાર્થીને આપવાની રહેશે. પ્રવેશપત્રના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને આચાર્યની સાથે ફરજિયાત આપવાની રહેશે.

ITIના તાલીમાર્થીઓની અંગ્રેજી વિષયની પૂરક પરીક્ષા 15 જૂનના રોજ યોજાશે

રાજ્યની માન્ય તમામ આઈટીઆઈના તથા ધોરણ 12 સામાન્ય પ્રવાહના અંગ્રેજી વિષયની પરીક્ષા પૃથક ઉમેદવાર તરીકે આપનાર આઈ.ટી.આઈના પરીક્ષાર્થીઓની અંગ્રેજી વિષયની પરીક્ષા 15 જૂન 2026 ના રોજ બપોરે 3 થી 6.15 કલાકે યોજનાર છે. આ પરીક્ષામાં પ્રવેશ પત્રો હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ પરથી આઈટીઆઈના આચાર્ય દ્વારા ડાઉનલોડ કરવાની રહેશે, ત્યારબાદ જરૂરી વિગતો ભરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે.

ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષા માટે હેલ્પલાઇન સેવા

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 11 જૂનથી લેવાના ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા માટે હેલ્પલાઇન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ટોલ ફ્રી હેલ્પલાઈ નં- ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે.

હેલ્પલાઇનનો સમય સવારે ૧૧થી સાંજે ૬નો રહેશે. આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ તેમજ શાળાઓને માર્ગદર્શન માટે હેલ્પલાઇન સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં કાઉન્સેલર તેમજ સાયકોલોજીસ્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

ભાટિયા ચેકપોસ્ટના બેરિકેડ ઉડાવી ટ્રક ડિવાઈડર પર ચડાવી દીધી

પોલીસ કંટ્રોલ રૂમનો પોલ નમી ગયુ એટલું જ નહીં બે કેમેરા, લેન્સ પણ તૂટી ગયા

સુરતઃ ભાટિયા ચેકપોસ્ટ પાસે મૂકેલા બેરિકેડ રવિવારે સવારે બેફામ દોડતી ટ્રકે ઉડાવી દીધા હતા. બેકાબૂ બનેલી ટ્રકના ચાલકે ડિવાઈડર પર ચડાવી સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમના સીસીટીવી કેમેરાના લોખંડી પોલને જોરદાર ટક્કર મારી બે લાખનું નુકસાન કરતાં પોલીસ જ આ બનાવમાં ફરિયાદી બની છે.

સચીન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૪૪ વર્ષીય સંજયભાઈ લક્ષ્મણભાઈ વસાવાએ સચીન પોલીસ સ્ટેશનમાં અકસ્માત અને જાહેર મિલકતને નુકસાન અંગેની ફરિયાદ નોંધાવી છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે, તારીખ ૩૧/૦૫/૨૦૨૬ના રોજ સવારે આશરે સાડા દશેક વાગ્યે આ ઘટના બની હતી. કડોદરા ખાતે આવેલી નાકોડા ટ્રાન્સપોર્ટ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ડ્રાઈવિંગ કરતા અને મૂળ ઉત્તર પ્રદેશના આઝમગઢના વતની ૨૬ વર્ષીય દિનેશ સુરેશ યાદવ ટ્રક નંબર GJ-16-AW-4631) લઈને સચીન તરફથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન તેણે ભાટિયા ચેકપોસ્ટની સામે મૂકેલા બેરિકેડ તેણે ઉડાવી દીધા બાદ ટ્રક ડિવાઈડર પર ચઢાવી દીધી હતી. ડિવાઈડર પર સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા સુરક્ષાના ભાગરૂપે લગાવવામાં આવેલો સીસીટીવી કેમેરાનો પોલ આવેલો હતો, જેની સાથે ટ્રક ધડાકાભેર અથડાઈ હતી. ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે સીસીટીવીનો લોખંડી પોલ નમી ગયો હતો અને તેની પર ફિટ કરેલા અત્યાધુનિક બે કેમેરા, કેમેરાના મોંઘા લેન્સ તથા આઉટર હાઉસિંગ તૂટીને જમીનદોસ્ત થઈ ગયા હતા.

મોટા વરાછામાં રસ્તો ઓળંગતા ભંગારના વેપારીનું કાર અડફેટે મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્ર ઔરંગાબાદના વતની સાદિક ગનીભાઇ શેખ (50 વર્ષ) હાલમાં લિંબાયત વિસ્તારમાં આવેલ પ્રતાપનગરમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. તે મોટા વરાછા ગાર્ડન પાસે ભંગારની દુકાન ચલાવતા હતા. રવિવારે રાત્રે તેઓ દુકાન પર હાજર હતા. દરમિયાન દુકાનની સામે તેમને કામ હોવાથી તે રોડ ક્રોસ કરીને સામેની બાજુએ જતા હતા. ત્યારે અજાણ્યા કાર ચાલકે સાદિકને અડફેટે લીધા હતા. જેથી તેમણે 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત થયું હતું.

રાજ્યમાં મે માસમાં જીએસટીની કુલ આવક 10,998 કરોડ

ગાંધીનગરઃ રાજ્યમાં મે 26માં જીએસટી હેઠળ રૂપિયા 7262 કરોડની આવક થઈ છે.

જે ગત વર્ષની સરખામણીના મે માસના ગાળા દરમિયાન થયેલી આવક કરતા 16 ટકા વધારે છે. મે 2026માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ 3.2% રહ્યો છે.

રાજ્યના મે 2026માં વેટ હેઠળ 2,717 કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ 998 કરોડ, અને વ્યવસાય વેરા હેઠળ 22 કરોડની આવક થયેલી છે.

આમ રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થતી કુલ 10,998 કરોડની આવક થયેલી છે.

નવાપુરના વેપારીના રૂપિયા લૂંટનારને સાત વર્ષની સજા

નાનકરામ માધવદાસ ખીલવાણી સાથે ગાડી અથડાવી આરોપી ૩૨ હજાર સેરવી લીધા હતા

સુરતઃ નંદરબાર જિલ્લાનાં નવાપુરના સાડીનાં વેપારી સાથે મોપેડ ગાડી અથડાવી વેપારીનાં ખિસ્સામાંથી રુપીયા ૩૨ હજાર સેરવી જનાર આરોપીને કોર્ટે સાત વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો. આ કેસની વિગત એવી હતી કે નંદુરબાર જિલ્લાનાં નવાપુરમાં સાડીનો વેપાર કરતાં નાનકરામ માધવદાસ ખીલવાણી તા.૨૨/૧૧/૨૦૧૯ ના રોજ સુરત ટેક્સટાઈલ માર્કેટમાં ખરીદી કર્યા બાદ સાંજના સમયે રિંગ રોડ શીવશકિત સ્વીટ નામની દુકાનની સામે રોડ પર ભાડે કરેલી કારમાં સાડીનો માલ ભરતા હતા ત્યારે આરોપી જયેશભાઇ પ્રવીણભાઇ જોગેલે પોતાની મોપેડ નાનકરામ સાથે અથડાવી ફરીયાદીનું ધ્યાન ભટકાવી આ આરોપી સાથેનાં બાળકિશોરે નાનકરામનાં ખિસ્સામાંથી રૂપિયા ૬૦ હજાર સેરવી લીધા હતા. આ બનાવ અંગે સલાબતપુરા પોલીસે આરોપીને પકડી રુપીયા ૩૨ હજાર અને મોપેડ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી જયેશ જોગેલે વિરુદ્ધ સેશન્સ કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ સંતોષ ગોહિલ ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી જયેશને સાત વર્ષની સજા ફટકારી હતી.

હવે દરેક જગ્યાએ અલગ-અલગ એફિડેવિટની માથાકૂટનો અંત

સમગ્ર ગુજરાતમાં એક જ 'યુનિવર્સલ એફિડેવિટ' માન્ય ગણાશે

કાયદા વિભાગે 'યુનિવર્સલ એફિડેવિટ'નું ધોરણસરનું નવું ફોર્મેટ જાહેર કર્યું

ગાંધીનગરઃ ગુજરાતમાં સરકારી સેવાઓ મેળવવા માટે નાગરિકોને વારંવાર જુદાં-જુદાં લખાણવાળા એફિડેવિટ કરાવવાની પડતી મુશ્કેલીઓનો અંત લાવવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. કાયદા વિભાગે રાજ્યવ્યાપી સ્વીકાર્ય "યુનિવર્સલ એફિડેવિટ"નું નવું ફોર્મેટ જાહેર કર્યું છે. હવેથી જે સેવાઓમાં કાયદા કે નિયમ મુજબ સોગંદનામું જરૂરી હોય પરંતુ કોઈ ચોક્કસ ફોર્મેટ નક્કી ન હોય, ત્યાં આ એક જ સમાન ફોર્મેટ સમગ્ર રાજ્યમાં માન્ય રાખવામાં આવશે.

આ નવું યુનિવર્સલ એફિડેવિટ તમામ જિલ્લા, તાલુકા, ગ્રામ્ય તેમજ શહેરી સ્તરે કાર્યરત તમામ સરકારી કચેરીઓ, સેવા કેન્દ્રો અને સત્તાધિકારીઓ દ્વારા ફરજિયાતપણે સ્વીકારવામાં આવશે. ડિજિટલ ગુજરાત પોર્ટલ તેમજ તમામ જન સેવા કેન્દ્રો ખાતે પણ આ એફિડેવિટનો સમાન રીતે અમલ શરૂ થશે, જેથી ઓનલાઈન અરજી કરનારાઓને મોટી સુવિધા મળશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે, જે સેવાઓ માટે કાયદાકીય રીતે એફિડેવિટ કરવાની કોઈ જરૂરિયાત નક્કી થયેલી નથી, તેવી સેવાઓમાં સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ એફિડેવિટના સ્થાને માત્ર 'સ્વઘોષણા'ની સરળ પ્રક્રિયા પૂર્વનિર્ધારિત રીતે જ ચાલુ રહેશે. ત્યાં સોગંદનામું ફરજિયાત કરવામાં આવ્યું નથી. કાયદા વિભાગ દ્વારા જારી કરાયેલા આ સત્તાવાર ફોર્મેટને નાગરિકોની સરળતા માટે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં તૈયાર કરવામાં આવ્યું છે.

રૂ. ૩.૩૨ લાખનાં ગાંજા કેસમાં દસ વર્ષની સજા

અન્ય બે આરોપીને શંકાનો લાભ મળ્યો, એનડીપીએસ કોર્ટનો ચુકાદો

સુરતઃ મહિધરપુરા પોલીસ સ્ટેશને તા.૨૧/૦૮/૨૦૨૩નાં રોજ આરોપી રંજન ઉર્ફે પપ્પુ ત્રિનાથ ગૌડા, કાનહું ઉર્ફે કનૈયા સંન્યાસી પ્રધાન, બીચીત્ર પ્રધાન ઉર્ફે કાલિયા બન્ધુ પ્રધાન(ઓરિસ્સા) વિરુદ્ધ ધી નાર્કોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટન્સિઝ એક્ટ સને ૧૯૮૫ની કલમ-૮(સી), ૨૦(બી)(ii)(સી), ૨૯ મુજબનાં ગુનાની ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં પોલીસે ૩૩.૨૧ કિલો ગ્રામ ગાંજા(કિંમત રૂ.૩,૩૨,૧૦૦) સહિત કુલ્લે રૂ.૩,૩૮,૮૬૦ની મત્તા કબજે કરી હતી. આરોપીઓ ગાંજો વેચવા આવતાં સુરત રેલવે સ્ટેશન સામેથી ઝડપાયા હતા. આરોપીઓ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ જીતેન્દ્ર પારડીવાલાએ દલીલ કરી હતી. બંન્ને પક્ષકારોની રજૂઆત બાદ કોર્ટે આરોપી રંજન ઉર્ફે પપ્પુને ૧૦ વર્ષની સજા અને એક લાખનો દંડ ફટકાર્યો હતો. જ્યારે અન્ય બે આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

સુડોકુ - 'કૂટ' ૬૫૩૮

							૯	૨
	૪	૬	૮			૧	૫	૩
૫	૯	૧	૬		૨		૭	
૭		૯	૨	૮	૬	૪	૩	
	૬	૫		૧	૩			૭
	૮	૨						૧
		૩	૪			૫	૧	૮
	૫	૪			૮			
૯	૭	૮						

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૨	૬	૬	૨	૫	૭	૭	૭
૭	૨	૭	૭	૬	૬	૨	૨	૬
૭	૬	૫	૭	૬	૨	૬	૨	૬
૬	૬	૭	૨	૫	૭	૨	૬	૬
૭	૭	૨	૬	૭	૨	૬	૬	૨
૨	૬	૭	૬	૨	૬	૭	૭	૨
૬	૨	૬	૭	૬	૭	૨	૬	૭
૬	૭	૨	૬	૭	૬	૭	૭	૬
૨	૭	૬	૭	૬	૬	૭	૬	૭

૨૬૫૬-૭૬૬૭ ક્રોસ્ફિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

યોનિભ્રંશ, ગુદભ્રંશ

યોનિ કે ગુદા ના સ્નાયુઓ ઢીલા પડતાં થોડો ભાગ બહાર ઘસી આવે છે. કમળના કૂણા પાન 20 ગ્રામ વાટી, સાકર સાથે ખાવા. મૂપક તેલનું પીયૂ ધારણ કરવું.

આજનું પંચાંગ

તા.02/06/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિ: વદ: બીજ : 19:02
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 12
યોગ : સાધ્ય **કરણ:** તૈતિલ
નક્ષત્ર : મૂળ 22:07 સુધી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી.
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 05:58 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:15
નવકારસી : 06:46
પારસી વર્ષ : 1395 દએ માસનો 22મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 15મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે : 15:00 થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): અચાનક ભાગ્યનો સાથ મળે. કાયદા કાનૂન બાબતે પ્રગતિ થાય. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે.
વૃષભ (બ,વ,ઉ,): ગૂઢ-વિદ્યા, તંત્ર, મંત્રમાં રસ જાગે. ધાર્મિક પ્રવાસનું આયોજન થાય પડવા-વાગવાથી સંભાળવું.
મિથુન (ક,છ,ઘ,): નવા કામ કે સામાજિક સંબંધો માટે નવી શરૂઆત થાય. રોજના કામમાં પ્રગતિ થાય. મન અશાંત.
કર્ક (ડ,હ,): સરકારી કામમાં મદદ મળે. નોકરીમાં જવાબદારી વધે. હરીફોની હેરાનગતિ સતાવે. ખર્ચા વધે.
સિંહ (મ,ટ,): વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે પ્રેમમાં વિશ્વાસ વધે. પુત્રી સંતાનની ચિંતા રહે.
કન્યા (પ,ઠ,ણ,): નવાં ફેરફાર થાય. ઘરમાં નવા સગવડયુકત સાધનો આવે. વડીલોના આરોગ્યના ખર્ચા.
તુલા (ર,ત,): જીવનસાથી સાથે પ્રવાસ થાય. સમાજમાં યશ મળે. ભાઈ-બહેનોનાં કામમાં મદદરૂપ બનશો.
વૃશ્ચિક (ન,ય,): ખાવા-પીવા અને મોજ-શોખના ધંધામાં લાભ થાય. ઘરમાં અશાંતિ રહે. ખર્ચા વધે.
ધન (ભ,ધ,ફ,ઢ,): રચનાત્મક કામમાં પ્રગતિ થાય. ક્રિએટીવ વિચારો આવે. નોકરીમાં નવી તક મળે. આવક વધે.
મકર (ખ,જ,): ધર્મ-કર્મ થી શાંતિ મળે. યાત્રા-પ્રવાસ થાય. સમાજ સેવાના કામ થાય કોર્ટ-કચેરીમાં વિદ્યો.
કુંભ (ગ,સ,શ,ષ,): ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. નવા સંબંધોમાં સાવધાની રાખવી. નવા રોકાણમાં ધીરજ.
મીન (દ,ચ,ઝ,થ,): નવા મનગમતાં લોકોને મળવાનું બનશે. આરોગ્ય બા